આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ વૃશ્ચિક

આજના ગ્રહોની કુંડળી



આજે મંગળ, શનિ, રાહુ, ગુરુ વક્રી ચાલે છે. આજે સૂર્ય, શુક્ર ઉચ્ચના છે. ચંદ્ર માંગલ્ય, ચંદ્ર શનિનો વિષયોગ છે. આજે ચાંડાલ યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ ચંદ્ર સાથે શનિ - મંગળની વક્રગતિની ચાલ, આઠમા સ્થાનમાં છે જે રાશિ માટે સાનુકૂળ નથી. પાંચમે ચાડાંલ યોગ પમ યોગ્યતા ધરાવતો યોગ નથી. મીશ્રફળ મળે.

વૃષભ સાતમે ચંદ્ર - મંગળ - શનિની યુતિ અને ચોથે ચાંડાલ યોગ ઉચ્ચના ગ્રહો સાથે સૂર્યા યોગ કરે છે. જેથી આપનો આજનો દિવસ મીશ્રફળ આપનાર જાય - સાવચેત રહેવું જરૂરી છે.

મિથુન દસમે ઉચ્ચનો શુક્ર અને અગિયારમે ઉચ્ચનો સૂર્ય - બુધ તમારા આજના દિવસે સુવર્ણ અક્ષરોથી લખેલ સાબિત થશે. ઉચ્ચના ગ્રહોથી દિવસ આનંદમાં જશે.

કર્ક આપનો આજનો દિવસ આગેવાનો - ઉપરીઓ દ્વારા આપના ખૂબ જ વખાણ થાય તેવો ઉગેલ છે - તમારે હવે પાછું વાળીને જોવાનું રહેતું નથી.

સિંહ રાશિમાં ચાંડાલ યોગ તેમજ ચોથે મંગળ શનિ ચંદ્રની યુતિથી આપનો આજનો આખો દિવસ વ્યગ્રતા અને શું થશે - સું નહીં થાય ? એવી અસંમજમાં વીતશે.

કન્યા સાતમે ઉચ્ચના શુક્રથી આપની રાશિનો આજના દિવસનો સુવર્ણકાળ સુંદર રીતે પસાર થશે - કોઈ જ ચિંતા કર્યા વિના સુંદર રીતે આપનો દિવસ પસાર થશે.

તુલા સાતમે ઉચ્ચનો સૂર્ય બુધ એમ સૂચવે છે કે આજે તમોને તમારા જીવનસાથી જેમ કહે તેમ હા પાડીને વર્તશો તો તમારે પસ્તાવાપણું નહીં આવે - સાવધ રહેશો.

વૃશ્ચિક રાશિમાં શનિ - મંગળ - ચંદ્રની યુતિ તેમજ વક્રગતિના કારણે તમારે વ્યગ્રતા અને ચિંતામાં આજનો દિવસ જશે. ટેન્શનમાં રહેશો. સંતાનોથી સારા સમાચાર મળે.

ધન ચોથે ઉચ્ચનો શુક્ર અને પાંચમે ઉચ્ચનો સૂર્ય તમોને કૌટુંબિક સુખ તથા સંતાનો તરફથી સુખ પ્રાપ્ત કરાવે - આજનો દિવસ આનંદમાં જશે.

મકર ત્રીજે ઉચ્ચનો શુક્ર તથા ચોથે ઉચ્ચનો સૂર્ય - બુધ - શુભ ગ્રહોનો સંયોગ છે - હવે આજના દિવસનો તમારે માટે શુભ સુયોગ છે - દિવસ સારો જશે.

કુંભ સાતમે ચાંડાલ યોગ સારો નથી ગણાતો. પરંતુ બીજે ઉચ્ચનો શુક્ર અને ત્રીજે ઉચ્ચનો સૂર્ય સારો યોગ કહેવાતો હોઈ એકંદરે તમોને મિશ્રફળ મળવાપાત્ર થશે.

મીન આપની રાશિમાં ઉચ્ચનો શુક્ર હોઈ તેમજ બીજે ઉચ્ચનો સૂર્ય હોઈ આપનો આજનો દિવસ આનંદમય જશે. દિવસ સુખરૂપ પસાર થશે - ચિંતા વિના જશે.

કંપની સમાચાર

થાયરોકેર ટેકનોલોજીઝની બીડ ઓફર ૨૭મીએ ખુલશે

થાયરોકેર ટેકનોલોજીઝ લિમિટેડ (''કંપની'' અથવા ''ઇશ્યૂઅર'')ની રૂ. ૧૦નો એક ('ડઈક્વિટી શેર'') એવા ૧૦,૭૪૪,૭૦૮ સુધીના ઈક્વિટી શેરની પબ્લિક ઓફર બુધવાર, એપ્રિલ ૨૭, ૨૦૧૬ના રોજ ખુલશે, જેનો પ્રાઇસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૨૦ થી રૂ. ૪૪૬નો છે, જેમાં વેચાણકર્તા શેરહોલ્ડર્સની ઓફર ફોર સેલ (''ઓફર'') દ્વારા (ઈક્વિટી શેર દીઠ શેર પ્રીમિયમ સહિત)નો સમાવેશ થાય છે. આ ઓફર ફોર સેલમાં (૧) એગાલિઆ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ઓફર કરાતા ૧૦,૨૦૭,૪૭૨ ઈક્વિટી શેર (૨) એ. સુંદરરાજુ એચયુએફ દ્વારા ઓફર કરાયેલા ૧૮૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર (૩) એ. વેલુમણિ એચયુએફ દ્વારા ઓફર કરાયેલા ૧૮૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર અને (૪) આનંદ વેલુમણિ દ્વારા ઓફર કરાયેલા ૧૭૭,૨૩૬ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.

મીનીમમ બિડ લોટ ૩૩ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૩૩ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. ધી સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના સુધારા-વધારા સાથેના (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટસ) નિયમો ૨૦૦૯ (''સેબી રેગ્યુલેશન્સ'') અનુસાર કંપની અને તેના સેલિંગ સેરહોલ્ડર્સ બૂક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'')ના પરામર્સ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઇશ્યૂ ખૂલવાની તારીખની એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઇન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે. આ બિડ/ઓફર શુક્રવાર, એપ્રિલ ૨૯, ૨૦૧૬ના રોજ બંધ થશે.

આ ઓફર દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') તથા નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (''એનએસઈ'') પર લિસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ ઓફર માટે એનએસઈ ડિઝિગ્નેટેડ સ્ટોક એક્સ્ચેન્જ રહેશે.

અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

માટે પણ એને ખુલ્લું મૂકવામાં ભારતની સરકાર અને શાસકોએ ખૂબ જ વિલંબથી અને સંકોચ સાથે પગલાં લીધાં છે. વિદેશમાં શિક્ષણ સંસ્થાઓને મળતી સંચાલનની મોકળાશ ભારતીય શિક્ષણ સંસ્થાઓમાં ઉપલબ્ધ નહીં હોવા ઉપરાંત સરકારી તંત્રની દખલગીરી એના સ્વતંત્ર વિકાસને અવરોધે છે. વળી વિદેશી યુનિવર્સિટીઓ ફી નિર્ધારણની બાબતમાં કેટલી સ્વતંત્રતા ભોગવી શકશે એ કહેવું પણ અનિશ્ચિત છે. શિક્ષણ ક્ષેત્રમાં સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાન્સ)નો વિચાર શિક્ષણને મોંઘું બનાવે છે ત્યારે વિદેશી યુનિવર્સિટીઓના ભારત પ્રવેશ વિશે શંકાકુશંકા સેવાતી રહી છે.

સેક્ટર-૨૯ અને ૩૦ના મતદાન મથકની મુલાકાત લેતા ચૂંટણી કમિશનર ડૉ. વરેશ સિંહા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનું મતદાન આજરોજ યોજાયું હતું. આજે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર શ્રી ડૉ. વરેશ સિંહાએ સેક્ટર-૨૯ અને ૩૦ના ત્રણ મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકાના સેક્ટર-૨૯ અને ૩૦માં આવેલા મતદાન મથકમાં ફરીને ચૂંટણી કમિશન શ્રી ડૉ. વરેશ સિંહાએ પ્રિસાઈડીંગ ઓફિસર તથા પોલીંગ એજન્ટને મળીને મતદાન અંગેની વિગતો મેળવી હતી. તેમજ મતદાન મથકની કાયદો-વ્યવસ્થા અને અન્ય સુવિધા અંગે પણ જાણકારી મેળવી હતી.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ રીતે થઈ રહ્યું છે. અત્યાર સુધી કોઈ પણ અનિચ્છનીય ફરિયાદ મળી નથી. ઈ વોટીંગમાં પણ મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો છે. બપોરના ૨.૦૦ કલાક સુધીમાં કુલ ૩૯ ટકા મતદાન થયું છે. તેમજ ઈ વોટીંગ પદ્ધતિમાં નોંધાયેલ મતદારોમાંથી ૭૫ ટકા જેટલા મતદારોએ ઈ.વોટીંગ બપોર સુધીમાં કરી દીધુ છે. ગાંધીનગર મહાનગર પાલિકાનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ચૂંટણી કમિશનર શ્રી વરેશસિંહાની મતદાન મથકની મુલાકાત દરમ્યાન રાજ્ય ચૂંટણી પંચના સચિવ શ્રી મહેશ જોષી, શહેર ચૂંટણી નિરીક્ષક શ્રી સંજીવકુમાર, શહેર ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ અને પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

જુના વાડજથી બાવનગજની ખોડિયાર માતાની ધ્વજા લઈને શ્રદ્ધાળુઓ રવાના થયા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

લોકશાહીના લોકોત્સવનું પર્વ એટલે મતદાન : આજે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં સાધુ-સંધો અને ધાર્મિક સંસ્થાઓના આગેવાનોએ પણ મતદાનમાં ભાગ લીધો હતો. સ્વામિનારાયણ મંદિરના સાધુ - મહંતોએ પણ મતદાનમાં ભાગ લીધો હતો. તો સેક્ટર-૨૮માં પ્રજાપિતા બ્રહ્મા કુમારી સંસ્થાનના પ્રતિનિધિઓએ પણ સમૂહમાં જઈ મતદાન કરી સમાજ સાથેની સક્રિયતાનું પ્રેરક ઉદાહરણ પુરું પાડ્યું હતું.

અમદાવાદ સરખેજ પોલીસ હદ વિસ્તારના ડબલ હત્યાનો આરોપી બનાસકાંઠાના સુઈગામથી ઝડપાયો

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાની સુચનાથી અમદાવાદ શહેરના સરખેજ પોલીસના હદમાં ડબલ હત્યા કેસના આરોપીને બનાસકાંઠા જિલ્લાની પોલીસે ઝડપી પાડેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ શહેરના ભરવાડ વિસ્તારમાં રહેતા નાનુભાઈ છગનભાઈ ભરવાડએ સરખેજ વિસ્તારમાં પોલીસની હદમાં ડબલ હત્યાના ગુનામાં ફરાર હતો. જો કે ફરાર આરોપીનું લોકેશન બનાસકાંઠા જિલ્લાનું સુઈગામ હોવાનું જાણવા મળ્યું હતું. જેના લીધે જિલ્લા પોલીસ વડાની સુચનાથી ફરાર આરોપીને પકડવા માટે પોલીસની જુદી જુદી ટીમ બનાવી હતી અને સુઈગામ ભાભર ચાર રસ્તા પર પોલીસની નાકાબંધી ગોઠવવામાં આવી હતી તે દરમિયાન સ્વીફટ ગાડીમાં હત્યાના ગુનાના આરોપી નાનુભાઈ છગનભાઈ ભરવાડ હોવાનું માલુમ પડતા સુઈગામ પોલીસે ઝડપી પાડેલ છે અને હત્યાના ગુનાના આરોપી પાસેથી રોકડ રકમ રૂ. ૫૧૫૦૦ તથા સ્વીફટ ગાડીની કિંમત રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૫૧૫૦૦ના મુદ્દામાલ સાથે સુઈગામ પોલીસને લઈ જઈ અમદાવાદ સરખેજ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે.

હિંમતનગરમાં હોટલમાંથી પકડાયેલા કૂટણખાના સંદર્ભે તંત્રની કડક કાર્યવાહી

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના હાર્દસમા ટાવર ચોકમાંથી શુક્રવારે બી-ડીવીઝન પોલીસે એક હોટલમાં ચાલતા કૂટણખાનામાં છાપો મારી ૬ મહિલાઓ અને ૩ પુરૂષોને ઝડપીલીધા બાદ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત આગામી દિવસોમાં હોટલનો પરવાનો રદ થઈ શકે છે. આ અંગે બી-ડીવીઝનના પી.એસ.આઈ. ડી.ડી. પરમારના જણાવાયા મુજબ ટાવર ચોકમાં આવેલ હોટલ રાજપુતાનામાં ચાલતા કૂટણખાના અંગે મળેલી બાતમી આધારે પોલીસે છાપો મારી ૬ મહિલાઓ અને ૩ પુરૂષોની ધરપકડ કરતા શહેરમાં ચકચાર મચી ગઈ હતી. દરમિયાન પોલીસે હોટલ માલિક પોપટસિંહ દેવુસિંહ સિસોદીયા વિરૂધ્ધ ગુનો નોંધીને નોકર રામાભાઈ મીનાભાઈ બુબડીયાની શનિવારે અટકાયત કરી હતી.

ટાવર ચોકમાંથી પકડાયેલા કૂટણખાનાને કારણે પોલીસની છબી ખરડાઈ રહી છે ત્યારે પોલીસે હોટલ માલિકની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે તેમજ આ હોટલનો પરવાનો રદ કરવા માટ જિલ્લા વહીવટી તંત્રને લેખિત જાણ કરવામાં આવી છે. જેથી શકય છે કે આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં આ હોટલનો પરવાનો રદ થશે.

કોન્સ્ટેબલની હત્યાના આરોપી મનિષને મુંબઈમાં લઈ જવાયો

કાઈમ બ્રાંચ કોન્સ્ટેબલ ચંદ્રકાંત મકવાણાની ઘાતકી હત્યામાં મુખ્ય અપરાધી મનિષને હવે તપાસના ભાગરુપે મુંબઈ લઈ જવામાં આવ્યો છે. બીજી બાજુ મૃતક કોન્સ્ટેબલના બે મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે. મોબાઈલ ફોનમાંથી નવા ભેદ ખુલી શકે છે. એસઓજીની ટીમ આરોપી મનીષને લઈને મુંબઈ જવા રવાના થઈ ગઈ છે. મનીષ મુંબઈમાં કોના સંપર્કમાં હતો તેની તપાસ કરાશે અને કયા પીસીઓથી કોને ફોન કર્યા હતા તેની પણ તપાસ કરવામાં આવશે. મનીષ જ્યાં જ્યાં ગયો હતો તે તમામ જગ્યાના સીસીટીવી ફુટેજ મેળવાશે. લૂંટ અને ડ્રગ્સ કેસના શકમંદ આરોપી મનિષ બાલાણીને પુછપરછ માટે કાઈમ બ્રાંચ લાવવામાં આવ્યો હતો. આ દરમિયાન કાઈમ બ્રાંચ ખાતેજ કોન્સ્ટેબલ ચંદ્રકાન્ત મકવાણાને તેણે માથાના ભાગે પાઈપ મારી હતી. ત્યારબાદ તે ત્યાંથી ભાગી ગયો હતો. એફએસએલ અને ડોગ સ્કવોડ ઘટના સ્થળે પહોંચી તપાસ ધરવામાં આવી હતી. આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે હાલ મૃતક કોન્સ્ટેબલના પરિજનોએ ક્રાઈમ બ્રાંચ ખાતે હોબાળો મચાવ્યો છે. જેસીપી સહિતના અધિકારીઓએ મૃતકના પરિવારને સમજાવવા માટે ત્યાં પહોંચી ગયા છે. પીએસઆઈ કિરણ ચૌધરીની ઓફિસમાં આ હત્યા થઈ હોવાની માહિતી મળી છે.

આરોપી ભાગ્યો ત્યારે ગેટ પર એસઆરપીના જવાનો પણ તૈનાત હતા. અમદાવાદ એસઓજીના એસીપી સી એન રાજપુત દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. આ ઘટનામાં આરોપી પાસે લોખંડની પાઈપ ક્યાંથી આવી છે પ્રશ્નમાં તેમણે જણાવ્યું હતું કે, તેમને આ અંગે જાણ નથી.

અનવરપુરા શાળામાં વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળામાંફરજ બજાવતા નયનાબેન અરવિંદભાઈ પટેલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં પ્રાંતિજના ધારાસભ્ય જયેન્દ્રસિંહ રાઠોડ, દોલતસિંહ ઝાલાની હાજરીમાં સન્માન કરી વિદાય આપવામાં આવી હતી.

પેનલો તુટતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગામડાઓમાં પણ પોતાના ગામના ઉમેદવારોને સાચવી લેવાના બાકી વ્યકિતગત મતો બટોરવાની નિતી પાલિકાના સમીકરણો અચંબો પમાડે તેવું પરિણામ આવવાની શક્યતાઓ પ્રબળ બની છે. મનપાના દરેક ઉમેદવારને ગામ, જ્ઞાતિ અને સેકટરના સમીકરણો નડશે જેને લઈ પેનલો તુટતી નજરે પડે છે.

પીએફ એકાઉન્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવાની સુવિધા હોવી જોઈએ. જોયે ઉમેર્યું હતું કે, સેવામાં સુધારા અને વધુ સારી પેન્શન વ્યવસ્થાનો મતલબ એ થશે કે અમે પેન્શન સેવાઓ માટે એક વધારાના ચેનલને ખોલી શકીએ છીએ. તેમણે ઉમેર્યું હતું કે, જો ઈપીએફઓની સેવાઓને વધારે કર્મચારીલક્ષી બનાવવામાં આવે તો રાજ્ય સરકારો માટે ઈપીએફ પેન્શન સિસ્ટમ સાથે જોડી દેવા માટેની બાબત પ્રોત્સાહનજનક રહી શકે છે. જોયે પોતાના કર્મચારીઓને સૂચન કર્યું છે કે, ઈપીએફઓ દ્વારા પહેલી મેના દિવસથી એક કર્મચારી એક પીએફ ખાતાની વ્યવસ્થા લોંચ કરવાની તૈયારી કરી છે. ઈપીએફઓ સેવા વધુ સરળ બનવાની સ્થિતિમાં લોકો સ્વૈચ્છિકરીતે ઈપીએફ વ્યવસ્થા સાથે જોડાવવાનું પસંદ કરશે. આ સ્કીમથી સીધીરીતે કેટલાક ફાયદા થશે. પીએફ એકાઉન્ટ ધારકોને સુવિધા આપવા માટે સરકાર પહેલા જ યુનિવર્સલ એકાઉન્ટ નંબર લોંચ કરી ચુકી છે. હવે એક કર્મચારી એક પીએફ ખાતા સ્કીમથી કર્મચારીઓ માટે પોતાના પીએફ એકાઉન્ટ ઓપરેટ કરવાની બાબત વધારે સરળ થશે. બીજી બાજુ કંપનીઓને નવા કર્મચારીઓ માટે પીએફ એકાઉન્ટ નવા ખોલાવવાની જરૂર પડશે નહીં. આ ઉપરાંત કર્મચારીઓને નોકરી બદલવાની સ્થિતિમાં જુના ખાતાના પૈસા ઉપાડવા માટે કોઈ તકલીફ થશે નહીં.

બજેટ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. તેથી આ નવુ સત્ર હશે. આ ૧૬મી લોકસભાનું ૮મુ અને રાજયસભાનું ૨૩૯મું બજેટ સત્ર હશે. સત્ર દરમિયાન ૧૦ રાજયોમાં દુષ્કાળ અને જળસંકટના મુદ્દે વિપક્ષ કેન્દ્ર સરકારને ભીડવે તેવી શક્યતા છે. હવે સરકારને આશા છે કે, બીજા ભાગમાં જીએસટી સહિતના બીલને પસાર કરવાનો માર્ગ મોકળો થશે. જો કે કોંગ્રેસે સંસદમાં સરકારને અસહકાર આપવાનું નક્કી કર્યું છે. ઉત્તરાખંડ ઉપરાંત અરૂણાચલના મુદ્દે પણ કોંગ્રેસ સરકારને ભીડવે તેવી શક્યતા છે. સંસદમાં આ ઉપરાંત પઠાનકોટ, ઈશરત જહાં કેસ, દુષ્કાળ મેનેજમેન્ટ અને શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિવાદ સહિતના મુદ્દાઓ ધબધબાટી બોલાવે તેવી શક્યતા છે. સરકારે પણ ઉત્તરાખંડ મુદ્દે કોંગ્રેસની બોલતી બંધ કરવા તૈયારી કરી છે. કોંગ્રેસને આશા છે કે, ઉત્તરાખંડ મુદ્દે અનેક વિપક્ષો તેને સહાય કરશે. ગયા વર્ષે લગભગ બે જેટલા સત્રો હંગામાને કારણે ધોવાઈ ગયા હતા. કોંગ્રેસ ઉત્તરાખંડના મુદ્દે સરકારને ઘેરવાની તૈયારી કરી રહી છે અને કોંગ્રેસને આ મુદ્દે બીજા પક્ષોનો ટેકો મળે તેવી પણ શક્યતા છે. રાજયસભામાં કોંગ્રેસના ઉપનેતા આનંદ શર્માએ તમામ કામકાજ સ્થગિત કરી આ પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવા માટે નિયમ ૨૧૭ હેઠળ સભાપતિ હામીદ અંસારીને એક નોટીસ આપી છે જેમાં ઉત્તરાખંડની લોકતાંત્રિક ઢબે ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે ટીકા કરવાની માંગણી કરવામાં આવી છે. કોંગ્રેસને જનતાદળ યુનાઈટેડ, ડાબેરીઓ અને અન્ય પક્ષોનો ટેકો કેટલાક મુદ્દે મળી શકે છે. આજે સર્વપક્ષીય બેઠક પણ યોજાઈ હતી.

ગુજરાતના અનેક ભાગોમાં હજુય ગરમીનો પ્રકોપ જારી

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં આજે રવિવારના દિવસે આંશિક ઘટાડો રહ્યો હતો. જો કે, આજે રજાનો દિવસ હોવાથી લોકોએ બપોરના ગાળામાં ઘરની બહાર નિકળવાનું ટાળ્યું હતું. આજે રાજ્યમાં મહત્તમ તાપમાન રાજકોટમાં ૪૦.૪ નોંધાયું હતું. બીજી બાજુ ઉત્તર ભારતમાં પણ કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ સ્થિતિ સારી રહી નથી. અમદાવાદમાં ગઈકાલે ૩૯.૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહ્યું હતું જે આજે ઘટીને ૩૮.૫ રહ્યું હતું.

રાજકોટમાં ૪૦.૪ અને સુરેન્દ્રનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.ગઈકાલની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થયો હોવા છતાં તીવ્ર ગરમીનો અનુભવ આજે પણ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણીને લઈને લોકો હેરાન પરેશાન થયેલા છે. સાથે સાથે પાણીમાં ગંદકી હોવાની ફરિયાદ પણ ઉઠી રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં રહેતા લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં પણ તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે ગરમીનો અનુભવ લોકોએ દિવસ દરમિયાન કર્યો હતો. મોડી સાંજ સુધી એસી અને પંખાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તાપમાનમાં ફેરફારનો દોર યથાવત રહે તેમ મનાય છે. તીવ્ર ગરમી વચ્ચે હવે પંખા અને એસીનો ભરપુર ઉપયોગ બપોરના ગાળામાં કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેરમાં પણ ગરમીના પ્રમાણમાં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. હવામાનની સ્થિતિમાં હાલ કોઈ મોટા ફેરફારના સંકેત દેખાઈ રહ્યા નથી. ગરમીથી લોકો હવે ત્રાહિમામ પોકારી ગયા છે.

મનપાની ચૂંટણીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરી વિસ્તાર કરતાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મતદારોએ ખુબજ ઉત્સાહથી મતદાનમાં ભાગ લઈ ચૂંટણી પર્વને ઉજવ્યુ હતુ. સેક્ટરોમાંથી મતદારોને બહાર લઈ આવામાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોની રણનીતિ લગભગ નિષ્ફળ રહી છે.

આજે મતદાનની પ્રક્રિયાને જોવા માટે ચૂંટણી કમિશ્નરશ્રી વરેશ સિંહા, ચૂંટણી પંચના સચિવ શ્રી મહેશ જોશી, પંચના નિરીક્ષકશ્રી સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર તથા પંચના અધિકારીઓ અને પ્રાંત અધિકારીશ્રી રાકેશ વ્યાસ તથા જિલ્લાના અધિકારીઓ નિકળ્યા હતા.

પંચે સે. ૨૯ના સંવેદનશીલ મતદાન મથકો ઉપરાંત સે. ૩૦ના સેન્ટ્રલ યુનિ.ના મતદાન મથકની મુલાકાત લીધી હતી. પંચે શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યુ હોવા અંગે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ પોલીસે લીધેલા પગલાં અને તંત્રની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઓનલાઈન વોટીંગ સિસ્ટમમાં ૮૦ ટકા જેટલુ મતદાન થયાના અહેવાલો સાંપડ્યા છે.

આજે મતદાન દરમ્યાન પાલજ, આદિવાડા, ધોળાકુવા, ઈન્દ્રોડા, બાસણ, બોરીજમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો.

કેટલાક વોર્ડોમાં બોગસ મતદાન કરાવવામાં આવ્યુ હોવાની ફરિયાદ પણ ઉઠી હતી જો કે તંત્રએ તેને આવી કોઈ ફરિયાદ મળી નહિ હોવાનું જણાવ્યું હતું. આજે મતદાર યાદીને લઈ પણ કોઈ પ્રકારની ફરિયાદો જાણવા મળી ન હતી. જો કે મતદાન મથકની બહાર જે વિસ્તારો નિદ્રિષ્ટ કરેલા દર્શાવવા જોઈએ તેના બોર્ડ લાગેલા નહિ હોવાનું જણાતાં મતદારોને મતદાન મથકોમાં ફરવુ પડ્યુ હતુ.

સેક્ટર-૨માં પાર્ટીશન દ્વારા મતદાન કેન્દ્ર ઉભુ કરવામાં આવ્યુ હતુ. તો કેટલાક બુથો પર મતદાન એજન્ટો પણ નહિ હોવાનું જણાયુ હતુ. આજની આ ચૂંટણીમાં મતદાન એજન્ટ બહાર યાદી મતદાનની લઈ આવતા નજરે ચડ્યા હતા.

શહેરના સ્લમ એરિયામાં પણ મતદારોમાં સારો ઉત્સાહ જોવા મળતો હતો. જે રીતે મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે તેને લઈ પરિણામ અંગે રાજકીય પક્ષોમાં સસ્પેન્શ જોવા મળી રહ્યું છે.

આજના શાંતિપૂર્ણ મતદાન માટે ભાજપ, કોંગ્રેસ ઉપરાંત લોક વિકાસ મંચના આગેવાનોએ મતદારોનો આભાર અલગ અલગ અખબારી યાદીમાં માન્યો છે.